LAKSHYA CAREER ACADEMY
F-4, SUMNTRA COMPLEX,
RAM MANTRA MANDIR,
TALAJA ROAD, BHAVNAGAR.
MO:-8128697071

21-1 To 27-1

## બ્લાઈન્ડ ક્રિકેટ વર્લ્ડ કપ–2018

- બ્લાઈન્ડ ક્રિકેટ વર્લ્ડ કપ–2018 એ પાંચમો બ્લાઈન્ડ ક્રિકેટ વર્લ્ડ કપ છે.
- 8 થી 20 જાન્યુઅરી,2018 દરમિયાન પાકિસ્તાન અને UAE (*United Arab Emirates* અથવા તો સંયુકત આરબ અમિરાત) માં તેનું આયોજન થતું હતું.
- આ વર્લ્ડ કપની ફાઈનલમાં પાકિસ્તાનને બે વિકેટે પરાજય આપીને ભારતે આ વર્લ્ડ કપ સતત બીજી વખત જીતી લીધો છે.
- આ વર્લ્ડ કપની ભારત અને પાકિસ્તાન વચ્ચેની ફાઈનલ મેંચ સંયુકત આરબ અમિરાતના શારજાહ ખાતે શારજાહ ક્રિકેટ સ્ટેડિયમમાં યોજાઈ હતી.
- બ્લાઈન્ડ ક્રિકેટ વર્લ્ડ કપ 2018 માં કુલ છ ટીમોએ ભાગ લીધો હતો.તેમાં નેપાળે પ્રથમ વખત ભાગ લીધો હતો.
- ભારતે T20 બ્લાઈન્ડ વર્લ્ડ કપ 2017 અને બ્લાઈન્ડ ક્રિકેટ વર્લ્ડ કપ 2018 શ્રી અજયકુમાર રેડ્ડીની કેપ્ટનશિપ હેઠળ જીત્યા છે.

## ભારત ઓસ્ટ્રેલિયન ગ્રૂપનો 43મો સભ્ય દેશ બન્યો

- 19 જાન્યુઆરી,2018 ના રોજ ભારત ઓસ્ટ્રેલિયન ગ્રૂપનો 43 સભ્ય દેશ બની ગયો છે.
- ઓસ્ટ્રેલિયન ગ્રૂપ એ એક સહકારી અને સ્વૈચ્છિક ગ્રૂપ છે.
- તે જૈવિક અને રાસાયણિક શસ્ત્રો બનાવવા માટે ઉપયોગી મટીરિયલ,ઉપકરણ અને ટેક્નોલોજીનો પ્રસાર અટકાવવા માટે કાર્ય કરે છે.
- 1984 માં ઈરાક દ્વારા થયેલા રાસાયણિક શસ્ત્રોના ઉપયોગ બાદ ઈ.સ.1985 માં કુલ 15 દેશો દ્વારા ઓસ્ટ્રેલિયન ગ્રૂપની સ્થાપના કરવામાં આવી હતી.
- ભારત આ ગ્રૂપનું 43 મું સભ્ય બન્યું છે.

## ICC એવોર્ડ–2017

- 18 જાન્યુઆરી,2018 ના રોજ *ICC* (ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ) દ્વારા વર્ષ 2017 ના એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે.
- આ અંતર્ગત ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન શ્રી વિરાટ કોહલીને (1) ક્રિકેટર ઓફ ધ યર (2) વન–ડે ક્રિકેટર ઓફ ધ યર (3) ICC વન–ડે ટીમ કેપ્ટન અને (4) ICC ટેસ્ટ ટીમ કેપ્ટન એમ કુલ ચાર સન્માન મળ્યા છે.
- આ સાથે જ શ્રી વિરાટ કોહલી એક જ સમયમાં એક સાથે આ ચાર સન્માન મેળવનાર વિશ્વના પ્રથમ ખેલાડી બની ગયા છે.
- કોઈ ક્રિકેટર એક જ વર્ષમાં ICCના ચાર એવોર્ડ જીત્યા હોય તેવો આ પ્રથમ બનાવ છે.

**ICC વર્લ્ડ ટેસ્ટ ઈલેવન 2017**
1. શ્રી વિરાટ કોહલી(કેપ્ટન)
2. શ્રી ચેતેશ્વર પૂજારા
3. શ્રી આર.અશ્વિન

**ICC વર્લ્ડ વન–ડે ઈલેવન 2017**
1. શ્રી વિરાટ કોહલી(કેપ્ટન)
2. શ્રી રોહિત શર્મા
3. શ્રી જસપ્રીત બુમરાહ

**ICC વિમેન્સ વન–ડે ઈલેવન 2017**
1. મિતાલી રાજ
2. એકતા બિશ્ત

**ICC વિમેન્સ ટી–20 ઈલેવન 2017**
1. હરમનપ્રીત કૌર
2. એકતા બિશ્ત

F-4, SUMNTRA COMPLEX,
RAM MANTRA MANDIR,
TALAJA ROAD, BHAVNAGAR.
MO:-8128697071

## અફઘાનિસ્તાનની ફાઈવસ્ટાર શોટરલ પર આતંકી હુમલો

- 20 જાન્યુઆરી,2018 ને શનિવારે રાત્રે અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં આવેલી ઈન્ટર–કોન્ટીનેન્ટલ નામની ફાઈવ સ્ટાર હોટેલ પર થયેલા આતંકી હુમલામાં આશરે 30 થી વધુ લોકોનાં મોત થયા છે.

## 63 મો ફિલ્મફેર એવોર્ડ–2018

- 20 જાન્યુઆરી,2018 ના રોજ મુંબઈ ખાતે નેશનલ સ્પોર્ટ્સ કલબ ઓફ ઈન્ડિયામાં વર્ષ 2018 ના 63 માં ફિલ્મ ફેર એવોર્ડ સમારોહનું આયોજન થયું હતું.
- આ સમારોહમાં થયેલા મુખ્ય એવોર્ડ આ પ્રમાણે છે :

| ક્રમ | એવોર્ડ | વિજેતા |
|---|---|---|
| 1 | બેસ્ટ ફિલ્મ | હિન્દી મીડિયમ |
| 2 | બેસ્ટ એકટર | શ્રી ઈરફાન ખાન(ફિલ્મ–હિન્દી મીડિયમ) |
| 3 | બેસ્ટ એકટ્રેસ | શ્રીમતી વિદ્યા બાલન(ફિલ્મ–તુમ્હારી સુલુ) |
| 4 | બેસ્ટ ડિરેકટર | શ્રીમતી અશ્વિની ઐયર તિવારી(ફિલ્મ–બરેલી કી બર્ફી) |
| 5 | લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ | શ્રીમતી માલા સિંહા અને શ્રી બપ્પી લહેરી |

નોંધ :–ફિલ્મફેર એવોર્ડનો પ્રારંભ 21 માર્ચ 1954 થી થયો હતો.

## ઉતરાર્ધ મહોત્સવ 2018

- 19 થી 21 જાન્યુઆરી,2018 દરમિયાન ગુજરાતમાં મોઢેરા ખાતે આવેલા પ્રસિદ્ધ સૂર્ય મંદિરમાં ઉતરાર્ધ મહોત્સવ 2018 નું આયોજન થયું હતું.
- આ ત્રણ દિવસીય નૃત્ય મહોત્સવ દર વર્ષ ઉતરાયણ બાદ  જાન્યુઆરી મહિનાના ત્રીજા સપ્તાહના અંતમાં યોજાય છે.
- મોઢેરા ગુજરાતના મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકામાં આવેલું છે.

## શ્રી સુભાષચંદ્ર બોઝ જન્મદિન

- શ્રી સુભાષચંદ્ર બોઝનો જન્મદિન 23 જાન્યુઆરી ભારતમાં‘રાષ્ટ્રીય દેશ પ્રેમ દિન’તરીકે ઉજવાય છે.
- શ્રી સુભાષચંદ્ર બોઝનો જન્મ 23 જાન્યુઆરી 1897 ના રોજ ઓડિશના કટક ખાતે થયો હતો.
- 18 ઓગસ્ટ,1945 ના રોજ તાઈવાન તાઈપેઈ ખાતે વિમાન અકસ્માતમાં તેમનું નિધન થયું હોવાનું માનવામાં આવે છે.

## મહાસુદ સાતમ,નર્મદા જયંતિ

- ભારતમાં હિંદુ પંચાગ અનુસાર દર વર્ષે મહાસુદ સાતમના દિવસે નર્મદા જયંતિની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2018 માં 24 જાન્યુઆરીના રોજ નર્મદા જયંતિની ઉજવણી કરવામાં આવી છે.
- ખાસ કરીને મધ્યપ્રદેશના અમરકંટકમાં નર્મદા જયંતિની ધામ ધુમ પૂર્વક ઉજવણી કરવામાં આવે છે.
- અમરકંટક નર્મદાનું જન્મ સ્થાન છે.
- નર્મદા નદી પરથી ‘નર્મદા પુરાણ’ નામના ગ્રંથની રચના કરવામાં આવી છે.
- નર્મદા એકમાત્ર એવી નદી છે કે જેના વિશે ‘પુરાણ’ ની રચના કરવામાં આવી હોય.

F-4, SUMNTRA COMPLEX,
RAM MANTRA MANDIR,
TALAJA ROAD, BHAVNAGAR.
MO:-8128697071

## ભારતના નવા મુખ્ય ચૂંટણી કમિશનર

- 23 જાન્યુઆરી,2018 ના રોજ ભારતના નવા મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે શ્રી ઓમ પ્રકાશ રાવતે ચાર્જ સંભાળ્યો છે.
- શ્રી ઓમ પ્રકારશ રાવત મધ્યપ્રદેશ કેડરના રિટાયર્ડ IAS ઓફિસર છે.
- શ્રી ઓમ પ્રકાશ રાવતે મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે શ્રી અચલ કુમાર જયોતિનું સ્થાન લીધું છે.

## 14 મી વિધાનસભા માટે ધારાસભ્યોના શપથ

- 23 જાન્યુઆરી, 2018 ના રોજ ગુજરાતના ગાંધીનગરમાં સચિવાલયના સ્વર્ણિમ સંકુલ–1 માં ગુજરાતની 14મી વિધાનસભા માટે ચુંટાયેલા ધારાસભ્યોનો શપથવિધિ સમારોહ યોજાયો હતો.
- આ અંતર્ગત સૌ પ્રથમ ગાંધીનગરના 'રાજભવન'ખાતે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ 14 મી વિધાનસભાના સભ્ય તરીકે ડો.નીમાબહેન આચાર્યને શપથ અપાવ્યા હતા.
- આ અંતર્ગત કાર્યકારી અધ્યક્ષ(પ્રોટેમ સ્પીકર)ડો.નીમાબેન આચાર્ય એ તમામ ધારાસભ્યોને હોદા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.
- સૌ પ્રથમ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને શપથ અપાવ્યા બોદ–વારા–ફરતી એક એક ધારાસભ્યએ શપથ ગ્રહણ કર્યો હતા.
- જોકે વિવિધ કારણોસર 182 ધારાસભ્યોમાંથી 6 ધારાસભ્યો આ સમારોહમાં હાજર રહી શકયા ન હતા.
- રાજયપાલનું સતાવાર(સરકારી)નિવાસ સ્થાન 'રાજભવન'તરીકે ઓળખાય છે.
- રાજયની વિધાનસભાનો કાર્યકાળ તેની પ્રથમ બેઠકથી શરૂ થાય છે.

## રાષ્ટ્રીય મતદાર દિન

- ભારતમાં યુવા મતદાતાઓને જાગૃત કરવા માટે દર વર્ષે 25 જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય મતદાન દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ ઉજવણીનો પ્રારંભ 25 જાન્યુઆરી,2011 થી થયો હતો.
- ત્યાર બાદ વર્ષે25 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય મતદાન દિવસે'ની ઉજવણી કરવામાં આવે છે.
- ચુંટણી પંચ દ્વારા નવા મતદારોને તેમનું ચુંટણી કાર્ડ દર વર્ષે 25 જાન્યુઆરીના રોજ આપવામાં આવે છે.
- 25 જાન્યુઆરી ભારતીય ચુંટણી પંચનો સ્થાપના દિવસ છે.
- ભારતના ચુંટણી પંચની સ્થાપના 25 જાન્યુઆરી,1950 ના રોજ થઈ હતી.
- તેનું વડુ મથક નવી દિલ્લી ખાતે આવેલું છે.

## 69માં પ્રજાસતાક દિવસની રાષ્ટ્રકક્ષાની ઉજવણી

- 26 જાન્યુઆરી,2018 ના રોજ દિલ્લી સહિત સમગ્ર ભારતમાં 69 પ્રજાસતાક દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.
- આ પ્રસંગે ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવવિંદે નવી દિલ્હીમાં રાજપથ ખાતે તિરંગો લહેરાવી સલામી આપી હતી.
- આ ઉપરાંત રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે વાયુ સેનાના ગરૂડ કમાન્ડો શ્રી જયોતિ પ્રકાશ નિરાલાને મરણોપરાંત'અશોક ચક્ર' એવોર્ડ આપીને સન્માનિત કર્યા હતા.
- ભારતના 69માં પ્રજાસતાક દિવસની મુખ્ય વિશેષતા એ હતી કે, આ પ્રસંગની ઉજવણીમાં 10 આસિયાન દેશોના વડાઓ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહયા હતા.

F-4, SUMNTRA COMPLEX,
RAM MANTRA MANDIR,
TALAJA ROAD, BHAVNAGAR.
MO:-8128697071

- આ 10 દેશોમાં થાઈલેન્ડ,વિયેતનામ,ઈન્ડોનેશિયા,મલેશિયા,ફિલિપાઈન્સ, સિંગાપુર, મ્યાનમાર,કબોડિયા,લાઓસ અને બ્રૂનેઈનો સમાવેશ થાય છે.
- આ તમામ દેશોના એક–એક નાગરીકને વર્ષે 2018ના પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.
- પ્રજાસતાક દિવસની ઉજવણીમાં એક સાથે 10 દેશોના વડા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહયા હોય એવી પ્રથમ ઘટના છે.

## આસિયાન

- આસિયાન નું પૂરું નામ 'એસોસિએશન ઓફ સાઉથ ઈસ્ટ એશિયન નેશન્સ' છે.
- તેનું વડું મથક ઈન્ડોનેશિયાના જકાર્તા ખાતે આવેલું છે.
- આસિયાનના સભ્ય દેશોમાં કુલ 10 દેશોનો સમાવેશ થાય છે.
- 8 ઓગસ્ટ,1967 ના રોજ તેની સ્થાપના થઈ હતી.
- 'અશોક ચક્ર'એ શાંતિના સમયે આપવામાં આવતું ભારતનું સર્વોચ્ચ સૈન્ય સન્માન છે.

## 69માં પ્રજાસતાક દિવસની રાજયકક્ષાની ઉજવણી

- 26 જાન્યુઆરી,2018ના રોજ પ્રજાસતાક દિવસની રાજયકક્ષાની ઉજવણી ગુજરાતના મહેસાણા ખાતે કરવામાં આવી હતી.
- આ પ્રસંગે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી.કોહલી એ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ની ઉપસ્થિતિમાં રાષ્ટ્રધ્વજને લહેરાવીને સલામી આપી હતી.

## લાભનું પદ

- 22જાન્યુઆરી,2018 ના રોજ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા દિલ્લીની આમ આદમી પાર્ટીના 20 ધરાસભ્યોને ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે.
- 13 માર્ચ,2015 થી સપ્ટેમ્બર,2016 દરમિયાન'લાભના પદ' પર રહેવાને કારણે ચૂંટણી પંચે આમ,આદમી પાર્ટીના 20 ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા માટે રાષ્ટ્રપતિને ભલામણ કરી હતી.
- રાષ્ટ્રપતિએ આ ભલામણ સ્વીકારી લીધી હતી.
- ભારતના બંધારણના અનુચ્છેદ 102 માં સાંસદોને તથા અનુચ્છેદ 191 માં ધારાસભ્યોને કયારે ગેરલાયક ઠેરવી શકાય એ મુદ્દે વિષયદ છણાવટ કરવામાં આવી છે.

## 48th WEF Summit 2018

- 23 થી 26 જાન્યુઆરી,2018 દરમિયાન સ્વિત્ઝર્લેન્ડના દાવોસ ખાતે વર્લ્ડ ઈકોનોમિક ફોરમ(WEF)ની 48 મી વાર્ષિક સમિટનું આયોજન થયું હતું.
- આ સમિટની થીમ 'ક્રિએટિંગ અ શેયર્ડ ફયુચર ઈન અ ફ્રેકચર્ડ વર્લ્ડ ' હતી.
- આ સમિટમાં 23 જાન્યુઆરી,2018 ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંબોધન કર્યુ હતું.
- આ સમિટમાં પ્રસિદ્ધ ભારતીય અભિનેતા શ્રી શાહરૂખખાનને ક્રિસ્ટલ એવોર્ડથી સન્માતિ કરવામાં આવ્યા છે.

## પદ્મ પુરસ્કાર–2018

- વર્ષ 2018 ના પદ્મ પુરસ્કાર માટે કુલ 85 મહાનુભાવોની પસંદગી કરવામાં આવી છે.તેમાંથી 3 વ્યકિતને પદ્મ વિભૂષણ,9 ને પદ્મ ભૂષણ અને 73 વ્યકિતઓને પદ્મ શ્રી એવોર્ડ એનાયત થશે.

F-4, SUMNTRA COMPLEX,
RAM MANTRA MANDIR,
TALAJA ROAD, BHAVNAGAR.
MO:-8128697071

- દર વર્ષે' પ્રજાસતાક દિન' નિમિતે પ્રજાસતાક દિવસની પૂર્વ સંધ્યા એ આ પુરસ્કાર વિજેતાઓની યાદી જાહેર કરવમાં આવે છે.
- વર્ષે 2018 માટેના પદ્મ પુરસ્કારની યાદીમાં 14 મહિલાઓનો સમાવેશ થયો છે.
- આ યાદીમાં ગુજરાતના ચાર મહાનુભાવો પદ્મ શ્રી એવોર્ડ માટે પસંદગીસ પામ્યા છે.

## પદ્મ પુરસ્કાર

- પદ્મ પુરસ્કાર માં ત્રણ એવોર્ડનો સમાવેશ થાય છે.
- પદ્મ વિભૂષણ :– કોઈ ક્ષેત્રમાં અમૂલ્ય યોગદાન માટે
- પદ્મ ભૂષણ :– કોઈ ક્ષેત્રમાં વિશિષ્ટ અને ઉલ્લેખનીય યોગદાન માટે
- પદ્મ શ્રી :– જીવનના વિવિધ ક્ષેત્રો સાહિત્ય,શિક્ષણ,કલા,વિજ્ઞાન વગેરેમાં વિશિષ્ટ યોગદાન

| પદ્મ વિભૂષણ 2018 | | | |
|---|---|---|---|
| ક્રમ | નામ | ક્ષેત્ર | રાજ્ય |
| 1 | શ્રી ઈલૈયારાજા | કલા–સંગીત | તમિલનાડુ |
| 2 | શ્રી ગુલામ મુસ્તફા ખાન | કલા–સંગીત | મહારાષ્ટ્ર |
| 3 | શ્રી પરમેશ્વર પરમેશ્વરન | સાહિત્ય અને શિક્ષણ | કેરાલા |
| પદ્મ શ્રી 2018 ગુજરાતી મહાનુભાવો | | | |
| ક્રમ | નામ | ક્ષેત્ર | રાજ્ય |
| 1 | શ્રી ઝવેરીલાલ મહેતા | સાહિત્ય અને શિક્ષણ–પત્રકારત્વ | ગુજરાત |
| 2 | શ્રી એસ.એસ. રાઠોડ | જાહેર સેવા | ગુજરાત |
| 3 | શ્રી પંકજ એમ.શાહ | મેડિસિન–ઓન્કોલોજી | ગુજરાત |
| 4 | શ્રી મનોજ જોશી | કલા–અભિનય | ગુજરાત |

- IMF ના અંદાજ અનુસાર વર્ષ 2018 દરમિયાન ચીનનો GDP 6.8 ટકા રહેવાની સંભાવના છે.
- કેન્દ્ર સરકાર દ્વારા ચાલુ નાણાકીય વર્ષ(2017 – 18)માં જાહેરક્ષેત્રની 20 બેન્કોને રૂ.88.139 કરોડની મુડી સહાય કરવામાં આવશે.
- 22 જાન્યુઆરી(મહાસુદ પાંચમ વસંત પંચમી) સમગ્ર ભારતમાં મહાસુદ પાંચમની તિથિને વસંતપંચમી તરીકે ઉજવવામાં આવે છે.ભારતની પ્રાચીન પરંપરા પ્રમાણે વસંતપંચમી એ મા સરસ્વતીની ઉપાસનાનો શ્રેષ્ઠ દિવસ છે.આથી વસંતપંચમીને 'જ્ઞાનપંચમી' તરીકે પણ ઓળખવામાં આવે છે.

Nilesh Pandya

Nikunj Ramana